बाज़ार का दृश्य




બજારનું દૃશ્ય

NIPUN BHARAT

विद्यया ऽमृतमश्नुते
एनसीईआरटी NCERT
प्रारंभिक शिक्षा विभाग
Department of Elementary Education
राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्
NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

## ચિત્ર વાંચન પોસ્ટર

# બજારનું દૃશ્ય

બાળકોમાં યોગ્ય રીતે ભાષાનો વિકાસ થાય તે માટે આ સાહિત્ય તૈયાર કરવામાં આવેલ છે. આ ચિત્ર બાળકો ધ્યાનથી જુવે, સમજે અને વ્યક્તિગત રીતે પોતાનો અભિપ્રાય આપતા થાય. આમ, બાળકની અવલોકન શક્તિ સાથે ભાષાના વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય.

**શિક્ષક માટે સૂચન :**

૧. શિક્ષકે આ ચિત્ર બાળકો યોગ્ય રીતે જોઈ શકે તે મુજબ ગોઠવવા.

૨. ચિત્ર જોઈને બાળક સ્વયં પોતાના અવલોકનથી જવાબ આપે તે મુજબ બાળકોને પ્રેરવા.

૩. ચિત્રમાં જોવા મળતી અલગ-અલગ બાબતો બાળકને ધ્યાને મૂકી-ઇશારો કરી તેના વિશે પૂછવું.

૪. સરળ પ્રશ્નોથી શરૂઆત કરવી જેમ કે –

- બજારમાં કયા શાકભાજી વેચાય છે ?
- બજારમાં શાની દુકાનો છે ?
- ચિત્રમાં કૂતરો ક્યાં બેઠેલો છે ?

આમ, ક્રમિક પ્રશ્નોથી બાળકો પાસે જવાબ મેળવવા.

ધીરે ધીરે બાળકો ચિત્રને સમજે - જાણે પછી આખા ચિત્રના અનુસંધાને સમજ/કલ્પના આધારિત પ્રશ્નો પૂછવા.

જેમ કે –
- ચશ્મા પહેરેલા ભાઈ એક આંગળી બતાવી શું કહેવા માગે છે ?
- શાકભાજી વેચવાવાળા બેન હાથથી શું જોઈ રહ્યા છે ?

૫. પ્રશ્નો સરળ ભાષામાં પૂછવા તેમજ બાળકો પૂરા વાક્યમાં પ્રશ્નનો જવાબ આપતા થાય તે માટે પ્રોત્સાહિત કરવા.

૬. જવાબ આપતી વખતે બાળકો શુદ્ધ ભાષાનો ઉપયોગ કરે તે માટે પ્રોત્સાહિત કરવા.

૭. હાજર તમામ બાળકો ચિત્રના પ્રશ્નોના જવાબ આપવામાં જોડાય તેવું વાતાવરણ નિર્માણ કરવું.

**અહીં નમૂનારૂપ પ્રશ્નો આપેલ છે.**

(અન્ય પ્રશ્નો તમારા અનુભવના આધારે તૈયાર કરો અને બાળકો પાસેથી તેના જવાબ મેળવો.)

- આ ચિત્રમાં શું - શું થઈ રહ્યું છે ?
- બિલાડી ક્યાં સંતાઈ ગઈ છે ?
- ટોપીવાળો છોકરો શું કરે છે ?
- આઇસક્રીમવાળા કાકા કેટલા રૂપિયામાં આઇસક્રીમ વેચતા હશે ?
- ચિત્રમાં કેટલા નાળિયેર દેખાય છે ?
- દુકાનમાં કયા વાસણો દેખાય છે ?
- માઁ એ નાની છોકરીનો હાથ કેમ પકડી રાખ્યો છે ?

## चित्र पठन पोस्टर

# बाज़ार का दृश्य

यह पोस्टर बच्चों के लिए भाषा के सुचारु विकास के उद्देश्य से बनाई गई है । यह पोस्टर इस आशा से विकसित की गई है कि बच्चे इन चित्रों को ध्यानपूर्वक देखें और उनके विषय में स्वतंत्र वार्तालाप करें, जिससे उनकी अलवोकन एवं भाषायी क्षमताओं का उचित विकास हो सके ।

**शिक्षक के लिए निर्देश :**

१. पोस्टर को बच्चों के सम्मुख इस तरह रखें कि सभी बच्चे उसको सरलता एवं ठीक तरह से देख सकें ।

२. पोस्टर दिखाकर पहले बच्चों को स्वयं उसके विषय में बोलने दें ।

३. फिर चित्र में दिखाई गई अलग-अलग वस्तुओं की ओर इशारा करके उनसे उनके विषय में पूछें ।

४. प्रारंभ में सरल प्रश्न पूछें; जैसे –

- बाज़ार में कौन-सी सब्जी बीक रही है ?
- बाज़ार में कौन-सी दुकाने हैं ?
- चित्र में कुत्ता कहाँ बैठा हुआ है ?

जब बच्चें चित्र को थोडा-थोडा समझने लगें तो एसे प्रश्न करें जिनका उत्तर चित्र से स्पष्ट न हो और बच्चों को अपनी कल्पना व सोचने की शक्ति का प्रयोग करना पडे; जैसे कि –

- चश्में वाला भाई एक ऊँगली दिखाकर क्या कहना चाहता है ?
- सब्जी बेचने वाली बहन हाथ से क्या देख रही है ?

५. सभी प्रश्न सरल भाषा में करे और बच्चों को पूरे वाक्यों में उत्तर देने के लिए प्रोत्साहित करें ।

६. उत्तर देते समय बच्चे शुद्ध भाषा का उपयोग करे इसके लिए उन्हें प्रोत्साहित करे ।

७. समूह में बैठे सभी बच्चों को वार्तालाप का अवसर दें तथा जो भी बच्चा शर्मीला या संकोची हो, उसे वार्तालाप में भाग लेने के लिए प्रोत्साहित करें ।

**उदाहरणार्थ कुछ प्रश्न नीचे दिए गए हैं –**

(आपके अनुभव के आधार पर अन्य प्रश्न तैयार करें और बच्चों से उनके उत्तर प्राप्त करें ।)

- इस चित्र में क्या क्या हो रहा है ?
- बिल्ली कहाँ छुपी है ?
- टोपी वाला लडका क्या कर रहा है ?
- आइसक्रीम वाले चाचा कितने में आइसक्रीम बेच रहे होंगे ?
- चित्र में कितने नारियल दिख रहे है ?
- दुकान में कौन-से बर्तन दिख रहे है ।
- माँ ने छोटी लडकी का हाथ क्यों पकड़ रखा है ?

આ સામગ્રી નિપુણ ભારત મિશન અંતર્ગત સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં વિનામૂલ્યે આપવામાં આવેલ છે.